


શાળા પ્રવેશોત્સવ
23-24-25 જૂન, 2022

“ આપણા દેશના ભાવિ સમાન, આ નાના ભૂલકાંઓને શાળામાં પ્રથમ પગલાં માંડતા જોઇને અનહદ હર્ષની લાગણી થઇ રહી છે. ” - શ્રી નરેન્દ્ર મોદી માનનીય પ્રધાનમંત્રી

# બાળકોમાં શિક્ષણનું મહત્ત્વ વધ્યું, **શાળામાં 100% નામાંકન થયું**

**સરકારના ભગીરથ પ્રયાસોનું અદ્‌ભુત પરિણામ**

| નામાંકનના ઉચ્ચ લક્ષ્યાંકો હાંસિલ | ડ્રૉપ આઉટ રેટમાં ઘટાડો |
|---|---|
| 2020-21માં 100% | 2020-21માં 3.39% |
| બે દાયકા પહેલા 75.05% | બે દાયકા પહેલા 37.22% |
| ધોરણ 1 | ધોરણ 1 - 8 |



માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**
તથા તમામ મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ આજથી 3 દિવસના શાળા પ્રવેશોત્સવની શરુઆત કરશે.

**શિક્ષણને સમર્પિત 20 વર્ષ વધાવીએ, શાળા પ્રવેશોત્સવને ઉત્સાહથી ઉજવીએ**

# મહીસાગર જિલ્લાના રોજગાર વાંચ્છુઓએ સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝરની માટે ભરતી શિબિરનું આયોજન

લુણાવાડા,

ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરીટી ઇટેલિજેન્સ સર્વિસ ઈન્ડિયા લી,ના સહયોગ થી મહિસાગર (લુણાવાડા) જિલ્લામાં સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઝર માટે તારીખ ૨૭૦૬-૨૦૨૨ના રોજ તાલુકા પંચાયત કચેરી, સંતરામપુર, તા. ૨૮-૦૬-૨૦૨૨ તાલુકા પંચાયત કચેરી, કડાણા, તા.૨૯-૦૬-૨૦૨૨ તાલુકા પંચાયત કચેરી ખાનપુર(બાકોર), તા ૩૦-૦૬-૨૦૨૨ તાલુકા પંચાયત કચેરી,વિરપુર, તા. ૦૧-૦૭-૨૦૨૨-તાલુકા પંચાયત કચેરી, બાલાસીનોર અને તા. ૦૨-૦૭-૨૦૨૨ તાલુકા પંચાયત કચેરી,લુણાવડા ખાતે શિબિરનું આયોજન કરેલ છે. જેનો સમય સવારે ૧૦.૦૦ થી બપોરના ૦૪.૦૦ કલાક સુધી રાખેલ છે.

ભરતી અધિકારી નિકુંજ પટેલે જણાવ્યું હતું કે, ઉમેદવારની ઉંમર ૨૧ થી ૩૬ વર્ષ, શૈક્ષણિક લાયકાત૧૦ પાસ, ઊંચાઇ ૧૬૮ સે.મી, વજન ૫૫ કિ.લો, છાતી ૮૦ થી ૮૫ અને શારીરિક રીતે તંદુરસ્ત હોવું જરૂરી છે. સુરક્ષા જવાન અને સુરક્ષા સુપરવાઈઝર માટેની ભરતીમાં જોડાવા માંગતા હોય તેવા ઉમેદવાર બધાજ ડોકયુમેંટની ઝેરોક્ષ અને બે પાસપોર્ટ સાઈઝ ના ફોટા, આધારકાર્ડ, બોલપેન લઈને હાજર રહેવું. પાસ થનાર ઉમેદવાર ભરતી સ્થળે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જે પાસ ઉમેદવાર રીજનલ ટ્રેનીંગ સેન્ટર માણસા (ગાંધીનગર)માં ટ્રેનિંગ આપીને સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ ઈન્ડિયા લી. માં કાયમી નિયુક્ત ૬૫ વર્ષ સુધીની મળશે. ભારત સરકાર, રાજ્ય સરકાર અને પુરાતત્વ, બંદરગા, એરપોર્ટ, મલ્ટીનેશનલ ઓદ્યોગીક ક્ષેત્ર,બેન્કો વગેરે જગ્યાઓ ઉપર નોકરી આપવામાં આવશે. સુરક્ષા જવાન માટે પગાર રૂા. ૧૨,૦૦૦/- થી ૧૫,૦૦૦/- સુરક્ષા સુપરવાઈઝર માટે રૂ. ૧૫,૦૦૦/- થી ૧૮,૦૦૦/- અન્ય સુવિધા માટે દર વર્ષે પગારમાં વધારો. પ્રમોશન, પી.એફ., ઈ.એસ. આઈ., ગ્રેસ્યુઈટી, મેડિકલ સુવિધા, બોનસ, પેન્સન સુવિધા આપવામાં આવશે. તેમ ભરતી અધિકારી એસ.એસ.સી.આઇ રિજનલ ટ્રેનીંગ સેન્ટર માણસાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મલેકપુર પંથકમાં ડાંગર માટે ઘરૂની વાવણી કરતા ખેડુતો

મલેકપુર,

મલેકપુર પંથકમાં વરસાદનું આગમન થતાં ખેડૂતોએ ખેતી કરવા માટે ખેતરો ખેડી અને વાવણીની પણ શુભ શરૂઆત કરી હતી.આમ ખેડૂતોએ ચોમાસુ ડાંગર માટે ખેતરોમાં ઘરૂ નાખવાની પૂરજોશમાં તડામાર તૈયારીઓ હાથ ધરી હતી. જ્યારે પ્રથમ વરસાદના આગમનથી જ ખેડૂતોએ ખેતરો ખેડી અને ખેતીનો પ્રારંભ કર્યો હતો. આમ, ખેડુતો ખેતરોમાં ઘરૂની વાવણી કરતા નજરે જોવા મળી રહ્યા છે. આ મહિસાગર જિલ્લામાં પ્રથમ વરસાદના આગમનથી ખેડૂત ખુશીથી ડાંગરની વાવણી માટે ચોમાસુ સિઝનની માટે દારૂની વાવણી કરતા નજરે જોવા મળી રહ્યા છે.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

# સંતરામપુર તાલુકાના પાદેડી અડોર કલાસવા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનના સંચાલકની ભરતીમાં પરિવારના સભ્યોને ભરતી ના કરતા તાળું માર્યું

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામીન કલાસવા પ્રાથમિક શાળામાં ૩૫ વર્ષ પહેલાં કલાસવા ફ્રાલભાઈ પુનાભાઈ તેમના પિતા અને પરિવાર એક થી આઠ શાળાના ઓરડા બનવા માટે જમીન આપેલી હતી. તે દરમિયાનમાં શરત મૂકવામાં આવેલી કે, તમારા પરિવારના સભ્યોને મધ્ય ભોજન સંચાલકમાં નોકરી પર રાખી શું આ રીતે જાહેર કરવામાં આવેલું હતું. કલાસવા ફ્રાલભાઈ પુનાભાઈ તા.ના રોજ પ્રાથમિક શાળામાં તાળાબંધીક રીશું. તેવું લેખિતમાં મામલતદાર કચેરીમાં પણ જણાવ્યું હતું. બે ચાર દિવસ અગાઉ સંતરામપુર તાલુકાના વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૨૬૦ જેટલી મધ્યાહન ભોજનના સંચાલકોની ભરતી કરવામાં આવેલી હતી અને તેનો ઇન્ટરવ્યૂ યોજાયું હતું. શાળા બાંધવા જમીન આપેલી દાતાના પરિવારની સંચાલકમાં ભરતી ના કરતા આજે શાળાને તાળાં મારી તાળાબંધી કરી ૧૩૬ બાળકો શાળાની બહાર ખેતરમાં ખુલ્લામાં અભ્યાસ કરવા મજબૂર થયા અચાનક વરસાદ શરૂ થતાં જ બાળકો અડધો કલાક સુધી વરસાદમાં ઉભા રહ્યા, પાંડા અને ઓઢણી માથે મૂકીને ઉભા રહ્યા હતા. સંચાલક અને તંત્રની લડાઈને વચ્ચે બાળકો મુશ્કેલીમાં મુકાયા તમામ બાળકો મધ્યાન ભોજન જમ્યા વગર રહ્યા. આ ઘટના બનતા જ સ્થાનિક સરપંચ આવી પહોંચ્યા હતા. નાયબ મામલતદાર સ્થળ ઉપર આવીને શાળાનો ગેટ ખુલો કરવામાં આવ્યો હતો અને સંચાલકને નવી ભરતીમાં શાળાની અંદર પ્રવેશ આપવામાં આવશે નહીં. આ શરત મુકીને દરવાજો ખુલ્લો કરાયો હતો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ચુથાના મુવાડા સ્થિત પ્રવિણ વિદ્યાલયમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત'' વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માસ્ટર ટ્રેઈનર સુરેશભાઇ રંગીયા દ્વારા યોગક્રિયા કરાવવામાં આવી હતી. શાળાનાં આચાર્ય ભૂપેન્દ્રસિંહ વિરપરા દ્વારા જીવનમાં યોગનું મહત્વ અંગે માહિતી આપવામાં આવી. જેમાં કુલ ૨૮૧ લોકોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હાલોલના મસવાડા ગામેથી ૬૧ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકા પોલીસ રાત્રીના સમયે નાઈટ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળી હતી કે, મસવાડા જેસીબી કંપની સામે તળાવની પાળ ઉપર દારૂનો જથ્થો ઉતારી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી ૬૧,૬૨૩/- રૂપીયાના દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના મસવાડા ગામે જેસીબી કંપની સામે તળાવની પાળ ઉપર મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતારી રહ્યા છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૧૨ કિંમત ૬૧,૬૨૩/-રૂપીયા સાથે કાળુભાઈ દેશાઈભાઈ રાઠોડને ઝડપી પાડવામા આવ્યો હતો. જ્યારે કિરણ ઉર્ફે ભદી ઉર્ફે ચોટલી રાઠોડ, કિરીટભાઈ કાળુભાઈ રાઠોડને પકડવાના બાકી હોય આ બાબતે હાલોલ રૂલર પોલીસે પ્રોહિબીશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



# ગોધરા શહેર કૃષિ પંચ મામલતદાર, ના. મામલતદાર દ્વારા બનાવેલ બોગસ ખેડુતોની ખાતાકીય તપાસ મહેસુલ મંત્ર કરાવશે

ગોધરા,

પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા શહેરના મામલતદાર કૃષિ પંચ એમ.એમ.ભાભોર તથા મહેસુલ નાયબ મામલતદાર અરવિંદ રાજપુત સામે બોગસ ખેડુતો બનાવેલ સામે ગોધરાના રહિશ મોહમદ હનિફ બોકડા દ્વારા ખાતાકીય તપાસ બાબતે પંચમહાલ જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ અને તેમના અંગત મદદનિશ સમક્ષ તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ અરજદાર દ્વારા બોગસ ખેડુતો બનાવેલની હકીકતો ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમદ ઈબ્રાહિમ ભાણા જીલ્લા કલેકટર તથા મહેસુલ તપાસણી કમિશનો નં.૧ અરૂણકુમાર સુથારીયા , ૨. કે.એન.ભટ્ટ, ૩. અરહિત શુકલા દ્વારા બિનખેડુતોના તમામ બોગસ જીલ્લા કલેકટર તરફ પરત કરેલ છે અને કેસ ચલાવી સાચી રેકર્ડ રૂલ્સ મુજબ કાર્યવાહી કરવા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ ભારપૂર્વક આદેશો આપવામાં આવેલ છે. હાલના કૃષિ પંચ ગોધરા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર તથા નાયબ મામલતદાર અરવિંદ રાજપૂત કોર્ટમાં ૧/૨૦૨૦ ગણત કેસમાં અરજદાર દ્વારા રજુ કરેલ રેકર્ડ રૂલ્સ મુજબના પુરાવા તથા જજમેન્ટમાં અધુરી વિગતો દર્શાવી ખોટા રેકર્ડ વિરૂદ્ધ હુકમ કરેલ છે. આમ, અરજદારની રજુઆત તમામ પ્રકરણ જે તે સમયના સર્કલ ઓફિસર તરીકે પંચમહાલ જીલ્લો રેવન્યુમાં ફરજ બજાવેલ એ.આઈ.મદારી અલગ અલગ પ્રકારની જમીનો ખેડુતો ઉલ્લેખ કરી બિનખેડુતોને ખેડુત બનાવેલ છે. જે ફારૂક મોહમદ ભાણાના બનેવી થાય છે. આમ, રે.સ.નં.૩૦૧/૧ પૈકી ૧૭ વાળી જમીન વેચાણ થઈ ગયેલ છે અને આ મદારીના સંબંધોના ઈસમોએ નોંધ નં.૬૧૨૮૮ વારસાઈ ખોટી કરાવેલ છે. સીટી સર્વે તબદીલી કરેલ હોવા છતાં તાત્કાલીક નઈમ રાણાવાડીયા જવાબ પંચક્યાસ ફકત ૦૦-૦૦૪ મીટરનો છે અને સર્કલ ઓફિસ જે તે સમયના પરેશ પટેલ નિવૃતની સહી નથી. ઈ-ધરા કેન્દ્રમાં ખોટી રીતે પરેશ પટેલ સર્કલ ઓફિસના હોદ્દાનો દુરઉપયોગ એ.આઈ.મદારીના મેળાપીપણાના બોગસ મોટા પ્રમાણમાના ઈસમોને ખેડુત બનાવેલ છે અને રેવન્યુ નોંધોમાં રેકર્ડ સાથે જે તે સમયના સર્કલ એ.આઈ.મદારી રેકર્ડ ગામ નમુના હકકમાં સુધારા કરેલ છે. જે બાબતે પણ શહેર મામલતદાર એમ.એમ.ભાભોર તથા વહીવટી નાયબ મામલતદાર અરવિંદ રાજપૂત દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ બોગસ ખેડુતો બનાવેલ છે. આમ, અરજદારે ત્યારબાદ વધુ જજમેન્ટમાં ભામૈયા સર્વે નં.૪૫/૧ વાળી જમીનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ અરજદારે આ બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ તરફ રીવ્યુ અરજી તથા પુરાવા સાથે રીવ્યુ અરજી આપેલ બાબતે ભામૈયા ૪૫/૧માં ટી.એન.સી.૩૩૫૦/૧૯૫૫મા ઇબ્રાહીમ ઈસ્માઈલ ભાણાને ખેડુત માંથી કમી કરેલની નોંધ ૭૦૭ મોટા પ્રમાણની સરકાર હિતધારા વત્તી નોંધ છે.

તેમ છતાં ગોધરા શહેર મામલતદાર એમ.એમ. ભાભોર તથા વહીવટી નાયબ મામલતદાર અરવિંદ રાજપૂત સામે ખાતાકીય બાબતે અરજી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ આપેલ છે. આમ, ઈબ્રાહિમ ઈસ્માઈલ ભાણા બિનખેડુતની નોંધ ૭૦૭ કમી થયેલ હોય તો ફારૂક મોહમંદ ભાણાના પિતા મોહમંદ ઈબ્રાહિમ ભાણા વિગેરેને બોગસ ખેડુતો બનાવેલ છે અને ખુબ મોટી લાંચ રૂશ્વતો લઈ બનાવેલ છે. અરજદાર દ્વારા ભારપૂર્વક ભામૈયાની ૪૫/૧ વાળી સરકારી કર્મચારીઓ-અધિકારીઓએ ગેરરીતિ કરેલ છે અને ગણત કેસ નં.૧/૨૦૨૦ શહેર કૃષિ પંચ એમ.એમ.ભાભોર કોઈ રેકર્ડ રૂલ્સ મુજબ તથા રેવન્યુ રેકર્ડના ચેડા થયેલાની હકીકતો જોયા વગર ગણત કેસ નં.૧/૨૦૨૦નું જજમેન્ટ આપેલ છે અને પોતાની માતાની મિલ્કત હોય તો પોતાના પિતા ગણોતધારામાં કેવી રીતે કેસ લડી શકે જે (ગુજરાત સરકારમાં પ્રથમ કિસ્સો) જોવા મળેલ છે. આમ, જે તે સમયના ઈ-ધરામાં નિવૃત ગોધરામાં ફરજ બજાવેલ બાબતે આવા અન્ય રેવન્યુ રૂલ્સ વિરૂદ્ધના પ્રયત્નો એ.આઈ.મદારી કરી ચુકયા છે. અને તે નાકામયાબ થયેલા છે અને ખોટી વારસાઈ બાબતે નોંધ મંજુર કરનાર સર્કલ ઓફિસર પરેશ પટેલ હાલ નિવૃત્તની અસલ કાગળોમાં સહી નથી. જે બાબતે બન્ને સર્વે નંબરો ૪૫/૧ તથા ૩૦૧/ ૧ પૈકી/૧૭ રીવ્યુ આજદિન સુધી જીલ્લા કલેકટર તરફ કરવામાં આવેલ નથી. વારંવાર રજુઆત કરેલ જીલ્લા પંચમહાલ કલેકટર તરફ કરેલ છે. પરંતુ ના છુટકે માન.કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સમક્ષ ખાતાકીય તપાસ બોગસ ખેડુત બાબતે તમામ પુરાવા સહીત ગાંધીનગર ગુજરાત સરકારને તા.૨૦/૦૬/૨૦૨૨ના રોજ આર.પી.એડી. નં. RG148899529IN-IVR;8271148899529 થી ગુજરાત મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગાંધીનગર મોકલી આપેલ છે. અને તેઓ દ્વારા વારંવાર મિડીયામાં, દૈનિકમાં સુચનાઓ આપેલ છે કે, બોગસ ખેડુતો બનાવેલ અધિકારીઓની કોઈપણ રજુઆતો મને મળશે તો તાત્કાલીક ખાતાકીય પગલા લેશું અને કોઇ ચમરબંધીને છોડવામાં નહીં આવે તેવી સખત થી સખત સુચના આપવામાં આવેલ છે. આવા કર્મચારીઓ-અધિકારીઓના સીસી ટીવી ફુટેજની ૨૪ કલાકના ડેટા ગાંધીનગર ગુજરાત સરકારમાં મહેસુલ વિભાગમાં રજુ થાય તેવી પણ રજુઆતો કરેલ છે.

આ બોગસ મોહમંદ ઈબ્રાહિમ ભાણા બિનખેડુત હોય તો ફારૂક મોહમંદ ભાણા ખેડુત વિગેરે બોગસ હોય અને ખોટા લાંચ રૂશ્વત લઈ બનાવેલ તેઓ સામે ખાતાકીય તપાસ તથા બોગસ ખેડુતો સામે કેરલ ગેરરીતિઓ બાબતે પંચમહાલ ગોધરા મોહમદ હનિફ બોકડા દ્વારા મહેસુલ અને કાયદા મંત્રી ગુજરાત સરકાર રાજેન્દ્ર ત્રિવેદી સમક્ષ યોગ્ય કાર્યવાહી રેકર્ડ રૂલ્સ મુજબ ખાતાકીય તપાસ કરી કરાવી રજુઆતો ભારપૂર્વક મહેસુલ મંત્રી ગાંધીનગર કરેલ છે. જે ના છુટકે ગાંધીનગર સુધી અરજી કરવાના કારણો ઉત્પન્ન થયેલ છે.

## આપની આજ.......

મેષ : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિધ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્ત્રોત સર્જશે, વાણી તમને વિશેષ માન આપશે. હવામાનની આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે એટલા માટે સાવચેત રહો. જીવનસાથીનો પૂરો સાથ અને સહયોગ મળશે.

વૃષભ : વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે. કોઈપણ મહત્વપૂર્ણ માહિતી સાંજના કલાકો દરમિયાન મળી શકે છે.

મિથુન : બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે. પરંતુ તમે તમારી સારી વર્તણૂકથી વાતાવરણને સામાન્ય બનાવશો.

કર્ક : આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે. વાણી ઉપર સંયમ ન રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉત્પન થઈ શકે છે. સાંજે પ્રિયજનોને મળવાનું આનંદકારક લાગશે.

સિંહ : પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સાંજે લાંબા સમયથી રાહ જોવાતા મહેમાનનું આગમન આનંદકારક હોઈ શકે છે.

કન્યા : આજે ઘરની ઉપયોગિતાઓ પર પૈસા ખર્ચ થશે. ગૌણ કર્મચારી અથવા સંબંધીના કારણે તાણ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો પૈસા ફસાઈ શકે છે. કોર્ટ-કચેરીના કામ માટે દિવસ દરમિયાન મુસાફરી કરવી પડી શકે છે. જો કે તમને આમાં સફળતા મળશે.

તુલા : પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો. સાંજથી રાત સુધી વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

વૃશ્ચિક : આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

ધનુ : આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણય પાછળથી પસ્તાવો લાવી શકે છે.

મકર : આજે શરીરમાં અચાનક દુઃખાવાને લીધે વધુ ખર્ચની સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોની ગંભીરતાપૂર્વક વિચાર કરો.

કુંભ : રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખના વિકારની સંભાવના પણ છે. ખાવા પીવાનું વિશેષ ધ્યાન રાખવું.

મીન : આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધ પર કાબુ રાખવો. ઘરની સમસ્યાઓનો હલ આવશે.

## સરકાર અને શિવસેના બન્ને સંકટમાં

# શિંદેએ નવા ચીફ વ્હિપની નિમણૂંક કરી શિવસેના પાર્ટી પર દાવો કર્યો, ૪૬ ધારાસભ્યો મારી સાથે છે : એકનાથ શિંદે

મુંબઈ,

મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ વચ્ચે શિવસેનાએ વ્હિપ જાહેર કરીને પોતાના તમામ ધારાસભ્યોને સીએમ હાઉસ પહોંચવાનો આદેશ આપ્યો છે અને ગેરહાજર રહેનાર સામે એક્શન લેવાની ચેતવણી આપી છે. આ પછી એકનાથ શિંદેના ટ્વીટથી ભારે ખળભળાટ થઈ ગયો છે.

શિંદેએ કહ્યું છે કે વ્હિપ ગેરકાયદેસર છે. આ ઉપરાંત તેમણે સુનીલ પ્રભુને હટાવીને ભરત ગોગાવલેને પોતાનો વ્હિપ બનાવી દીધો છે. એટલે કે શિંદેએ હવે શિવસેના પર દાવો રજૂ કર્યો છે. આ સાથે તેમણે ૩૪ ધારાસભ્યોના સમર્થન વાળો પત્ર પણ રાજયપાલ અને ડેપ્યુટી સ્પીકરને મોકલ્યો છે.



ઉદ્ધવ ઠાકરેએ કેબિનેટ બેઠક બોલાવી હતી. જેમા ૮ મંત્રીઓ ગેરહાજર રહ્યા હતા. આ ૮ મંત્રીમાં એકનાથ શિંદે, ગુલાબરાવ પાટિલ, દાદા ભૂસે, સંદીપન ભુમરે, અબ્દુલ સત્તાર, શંભૂરાજ દેસાઈ, બચ્ચુ કડૂ અને રાજેન્દ્ર યેદ્રાવકરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેનો કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓ આ બેઠકમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. કોંગ્રેસના નેતા કમલનાથને પણ મળ્યા ઉદ્ધવને મળી શક્યા નથી. શિવસેનાના ધારાસભ્યોને સાંજે ૫ વાગ્યે ઝસઓફિસ પહોંચવાનો આદેશ અપાયો છે.

ઉદ્ધવ ઠાકરે સરકાર વિધાનસભા ભંગ કરી શકે છે. શિવસેના સાંસદ સંજય રાઉતે આ સંકેત આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખેલી પોસ્ટમાં કહ્યું છે કે મહારાષ્ટ્રમાં જે પોલિટિકલ હલચલ ચાલી રહી છે, એ વિધાનસભા ભંગ કરવાની દિશામાં આગળ વધી રહી છે. રાજકીય ધમસાણ વચ્ચે આદિત્ય ઠાકરેએ પોતાના ટ્વિટર પરથી મંત્રીપદ હટાવી દીધું છે. આદિત્ય ઠાકરે મહારાષ્ટ્ર સરકારમાં પ્રવાસન અને પર્યાવરણ વિભાગના મંત્રી છે. મહારાષ્ટ્રના બળવાખોર ધારાસભ્યો હવે ગુજરાતથી આસામ પહોંચ્યા છે. એકનાથ શિંદે સહિત ૪૦ બળવાખોર ધારાસભ્યો બુધવારે સવારે સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા સુરતથી ગુવાહાટી પહોંચ્યા હતા. ભાજપના નેતાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. એરપોર્ટની બહાર ત્રણ બસ દ્વારા તેમને હોટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

અહીં એકનાથ શિંદેએ ફરી જણાવ્યું હતુ કે અમે બાળાસાહેબ ઠાકરેના હિંદુત્વને આગળ લઈ જઈશું. અગાઉ તેમણે સુરત એરપોર્ટ પર કહ્યું હતું કે અમે બાળાસાહેબ ઠાકરેનું હિન્દુત્વ છોડ્યું નથી. હું ઈચ્છું છું કે ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે મળીને સરકાર બનાવે. અમારી સાથે ૪૦ ધારાસભ્ય ગુવાહાટી આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ૩૩ ધારાસભ્ય શિવસેનાના છે અને ૭ ધારાસભ્ય અપક્ષના છે.

ધારાસભ્ય નીતિન દેશમુખને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સાથે મારપીટ કરી હોવાના આક્ષેપ કરાયા હતા, એ બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમનાં પત્નીએ અકોલામાં તેમના ગુમ થવાની ફરિયાદ લખાવી હતી. હવે મહારાષ્ટ્ર પોલીસની એક ટીમ સુરત પહોંચવાની છે. આ સહિત ૪૧ બળવાખોર ધારાસભ્યો હતા.ઠાકરે સરકારના મંત્રી નારાજ નેતાઓને મનાવવાના ઘણા પ્રયાસ કરી રહ્યાં છે. શિંદે કંઈ એક જ રાતમાં બળવાખોર નેતા નથી બન્યા પરંતુ આ માટેની સ્ક્રીપ્ટ રાજયસભાની ચૂંટણી પહેલાંથી લખવાની શરૂ થઈ હતી. મંત્રી તરીકે એકનાથ શિંદેના અનેક નિર્ણયો પર મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અવગણ્યા અને તેને રોકી દીધા. પ્રમુખ સચિવોની મદદથી તેમના વિભાગની ફાઈલને પણ અટકાવી દેવામાં આવતી હતી. આ ઉપરાંત શિવસેના હિન્દુત્વના મુદ્દેથી દૂર જઈ રહ્યું હતું તે પણ શિંદેને ખટકી રહ્યું હતું. તેથી મહારાષ્ટ્રમાં ઓપરેશન લોટસની શરૂઆત થતાં જ શિંદે બળવાખોર બની ગયા.

મહારાષ્ટ્રમાં જ્યારે ભાજપ-શિવસેના ગઠબંધન સરકાર હતી ત્યારે શિંદે મંત્રી હતા. આ દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો ડ્રીમ પ્રોજેક્ટ સમૃદ્ધિ એક્સપ્રેસ લાવવામાં આવ્યો. આ દરમિયાન એકનાથ શિંદે અને ફડણવીસ વચ્ચે મજબૂત રાજકીય મિત્રતા થઈ ગઈ જે આજે પણ અકબંધ છે. આ મિત્રતા ઉદ્ધવને પસંદ નથી. તેથી તેમની શિંદે પ્રત્યેની નારાજગી વધતી ગઈ. તો અન્ય શિવસેનાના નેતાઓને પણ એકનાથ શિંદેના ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથેના ખાસ કરીને દેવેન્દ્ર ફડણવીસ સાથેના સારા સંબંધ પસંદ ન હતા.

હકિકતમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ફડણવીસની સમૃદ્ધિ એક્સપ્રેસમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીને ભાજપને ઘેરવા માગતા હતા. શિવસેના તેના માટે એકનાથ શિંદેનો ઉપયોગ કરવા ઈચ્છતી હતી. પરંતુ ફડણવીસ ફસાય તો એકનાથ પણ ફસાશે તેવો તેમને ડર હતો. કેમકે પ્રોજેક્ટની શરૂઆત જ્યારે થઈ ત્યારે શિંદે જ કેબિનેટ મંત્રી હતા. જે બાદ સંજય રાઉત અને અનિલ પરબ સહિત અનેક વરિષ્ઠ શિવસેના નેતા પણ શિંદે વિરૂદ્ધ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના કાન ભરવા લાગ્યા હતા.

દેશની આર્થિક રાજધાની મુંબઈની ડીપીઆર તૈયાર કરતી વખતે એકનાથ શિંદેએ શહેરી વિકાસ મંત્રી તરીકે કેટલાંક નિર્ણય લીધા. આ નિર્ણયોને બાદમાં મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગના સચિવની મદદથી રોકી દીધા હતા. શિંદે થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લાનાં કેટલાંક આઈએએસ અને ડેપ્યુટી કલેક્ટરની નિમણૂંક કરવા ઈચ્છતા હતા. મુખ્યમંત્રીએ તેમની નિમણૂંક પણ ન થવા દીધી. વિધાન પરિષદની ચૂંટણીમાં એકનાથ શિંદેએ નંબર એક રાજનીતિક પદ પર હોવા છતાં શિવસેનાના પદાધિકારીઓને મહત્વ આપવામાં આવ્યું.

મુખ્યમંત્રી ઠાકરે સતત એકનાથ શિંદેના વિભાગની ફાઈલ રોકી રહ્યાં હતા. શિંદે તેમને મળવા જતા તો ઠાકરે તેમને લાંબી રાહ જોવડાવતા હતા. બીજી બાજુ એકનાથ શિંદે પણ નારાજ હતા કે શિવસેના હિન્દુત્વના મુદ્દાથી દૂર થઈ રહી છે. શિંદે થાણે નગર નિગમની ચૂંટણી એકલા હાથે લડવા માગતા હતા પરંતુ સંજય રાઉત સહિત કેટલાંક નેતા તેમના પર એનસીપીની સાથે મળીને ચૂંટણી લડવાનો દબાણ કરતા હતા. આ રાજકીય મુદ્દાઓથી નારાજ એકનાથ શિંદેએ વિધાનસભા ચૂંટણીમાં મહાવિકાસ અઘાડી સરકારને ઘટતાં સમર્થનને જોઈને વિદ્રોહ કરી દીધો.

જો મહારાષ્ટ્રમાં સરકાર બદલાય છે તો ફડણવીસ એકનાથ શિંદેને નાયબ મુખ્યમંત્રી બનાવવા માગે છે. તે માટે તેઓ પાર્ટીના વરિષ્ઠ નેતાઓની મંજૂરી ઈચ્છે છે. જેનાથી પ્રદેશમાં ભાજપની સરકાર બનવામાં કોઈ રાજકીય અડચણ ન આવે. આ ઉપરાંત પાર્ટીના નેતા એવું પણ જાણવા માગતા હતા કે શિંદેના સાથ આવવાથી મુંબઈ અને થાણે સહિત ૧૪ નગર નિગમમાં ભાજપને કેટલો રાજકીય ફાયદો મળશે. શિંદેના પુત્ર શ્રીકાંત એકનાથ શિંદે કલ્યાણથી સાંસદ છે. શું તેમને કેન્દ્રમાં કંઈ જવાબદારી આપવામાં આવી શકે છે? ફડણવીસ દિલ્હીમાં હાઈકમાન્ડ સાથે આ મુદ્દે પણ ચર્ચા કરવા માગતા હતા.

જાહેરાત

**સરદાર પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા (કાંકણપુર), તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે પ્રવાસી ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા અંગે**

સરદાર પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા (કાંકણપુર), તા.ગોધરા, જિ.પંચમહાલમાં (૧) ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર ઈલેક્ટ્રિશિયનની જગ્યા-૦૧ (એક) નિયમિત જગ્યા ના ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે પ્રવાસી ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર (મુલાકાતી ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર) ની માનદ સેવાઓની જરૂરિયાત હોઈ રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પીરીયડ દીઠ-૦૧ (એક) કલાકના રૂપિયા ૯૦/- લેખે મહત્તમ દૈનિક-૦૬ કલાક લેખે મહત્તમ દૈનિક માનદવેતન રૂપિયા ૫૪૦/- ના દરે માસિક રૂપિયા ૧૪૦૪૦/- થી વધુ નહીં તે રીતે માનદ વેતન ચૂકવવામાં આવશે. ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, અનુભવ સાથેની વિગતવાર અરજી તથા તમામ આધારભૂત પુરાવા રજૂ કરવાના રહેશે.

અરજીમાં સંપર્ક નંબર/મોબાઈલ નંબર આપવો ફરજીયાત રહેશે. લાયકાતના ધોરણો NCVT/GCVT દ્વારા નિયત થયેલ જેતે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતીના નિયમો મુજબ રહેશે. આથી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંપર્ક સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી. CITS PASS ઉમેદવારોને મેરિટમાં પ્રાધાન્ય આપવામાં આવશે.

આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારિત રહેશે. પ્રવાસી ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર તરીકે આવનાર ઉમેદવારને કોઈ અન્ય સેવા વિષયક હકકદાવો રહેશે નહીં તે મુજબનું લેખિતમાં એફિડેવિટથી બાહેધરી પત્ર આપવાનો રહેશે. સંસ્થા વાઈઝ/ટ્રેડ વાઈઝ ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર (મુલાકાતી ક્રાફ્ટ ઈન્સ્ટ્રક્ટર)ની માનદ સેવાઓ લેવા અંગેની વધુ વિગતો સંસ્થાના ફોન નંબર-૯૯૭૯૨૦૯૪૪૪ ઉપર સંપર્ક કરવાથી મેળવી શકાશે.

(૧) સંસ્થામાં અરજી રજીસ્ટર પોસ્ટ એડીથી સ્વીકારવાની છેલ્લી તારીખ:૦૨/૦૭/૨૦૨૨ સાંજના ૦૪:૦૦ કલાક સુધીની રહેશે.
(૨) રૂબરૂ મુલાકાતનું સરનામું : આચાર્યશ્રીની કચેરી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા (કાંકણાપુર), તા.ગોધરા, જિ.પંચમહાલ, પીનકોડ-૩૮૮૭૧૩.
( ૩ ) રૂબરૂ મુલાકાતની તારીખ અને સમય અગ્રીમ મેરિટ ધરાવતા ઉમેદવારોને તેમના સંપર્ક નંબર ઉપર જાણ કરવામાં આવશે.
(૪) સદર જાહેરાત/પ્રક્રિયામાં ફેરફાર કે રદ કરવાની તમામ સત્તાઓ આચાર્યશ્રીની કચેરી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા રામપુરા (કાકણપુર)ને અબાધિત રહેશે.

સંચાલકશ્રી/આચાર્યશ્રી
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
રામપુરા (કાંકણપુર), તાઃગોધરા,
જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### સંજેલી તાલુકાના કરંબા PHCના મહિલા તબીબે

# આરોગ્ય કેન્દ્રમાં બ્લડ થી નુકશાન : તબીબ સહિત સ્ટાફને ખોટા કેસમાં ફસાવાની ધમકી





તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકાના કરંબા પ્રાથમિક કેન્દ્ર મહિલા તબીબ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સોફા, ખુરશી, એકઝામિનેશન, બારી બારણાના પડદાને બ્લેડ મારી નુકશાન પહોંચાડી એડવાન્સ હાજરી પૂરી કરંબા મેડીકલ ઓફીસર સહિત સ્ટાફને ખોટા કેસમાં ફસાવી સસ્પેન્ડ કરાવી જેલમાં ધકેલી દેવાની મહિલા તબીબ દ્વારા ધમકી આપી હોવાના આક્ષેપો મહિલા તબીબ સામે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત લેખિત રજુઆત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

સંજેલી તાલુકાની કરંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર ડો. હિરેન ખરાડી મહિલા ડો. મોનિકા ભુરીયા ફરજ બજાવે છે. જ્યારે તારીખ ૧૮ મી ના રોજ મહિલા તબીબ મોનિકા ભુરીયા દ્વારા કરંબા આરોગ્ય કેન્દ્રમાં તબીબના રૂમમાં સોફા, ખુરશી, એક્ઝામિનેશન ટેબલ, બારી–બારણાંના પડદા, લાઈટના જેવાં ઉપકરણો પર બ્લેડ મારી સરકારી મિલ્કતને નુકશાન પહોંચાડી કરંબા મેડીકલ ઓફીસર તેમજ આરોગ્ય સ્ટાફને ખૂબ જ ગંભીર ધમકીઓ ખોટા કેસમાં ફસાવી અને સસ્પેન્ડ કરાવી જેલના સળિયા પાછળ ધકેલી દેવાની મહિલા તબીબ દ્વારા ધમકી આપતા સ્ટાફ માનસિક તણાવમાં હોવાથી આરોગ્ય કેન્દ્રના કામકાજ પર અસર પાડવા લાગી છે. મહિલા તબીબની મનમાની થી હાજરી પત્રકમાં ત્રણ ચાર દિવસની એડવાન્સ હાજર હોવાની સહી કરી દેવામાં આવી છે. આવી અનેક રજૂઆતોને દયાને લઈ મહિલા તબીબ સામે આક્ષેપો સાથે સંજેલી તાલુકા આરોગ્ય અધિકારી કરંબા મેડીકલ ઓફીસર સહીત સ્ટાફ અને તાલુકા પંચાયતના સભ્ય સહિત સ્ટાફ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને વિધાનસભાના દંડકને લેખિત રજુઆત કરવામાં આવી છે.

> તારીખ ૧૮ મી ના રોજ ડોક્ટર મોનિકા ભુરીયા દ્વારા બ્લેડ મારી કરંબા કેન્દ્રમાં નુકશાન કરેલ છે. તેની સ્ટાફ દ્વારા જાણ થતાં સ્થળ મુલાકાત લઈ જિલ્લા કક્ષાએ જાણ કરાતાં તાત્કાલિક ડોક્ટર મોનિકા ભુરીયાનું હિરોલા ખાતે પ્રતિનિયુક્તિ કરવામાં આવેલ છે. યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તે માટે લેખિત અરજી કરવામાં આવેલ છે.
>
> **ડોક્ટર હિતેષ ચારેલ, THO**

> હું એક મહિલા તબીબ છું. MBBS બાદ બોન્ડ પર સરકારી સેવા માટે આવેલ છું. માંડલી ખાતે બોન્ડ થયું છતાં પણ મને હેરાન કરવા માટે સાગટાળા જંગલમાં. કરંબા હિરોલા જેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબ હોવા છતાં પણ આવા વિસ્તારમાં પ્રતિનિયુક્તિ કરી હેરાન કરવામાં આવે છે. મેં કોઈ કરંબા આરોગ્ય કેન્દ્રમાં નુકશાન કરેલ નથી. તેમજ એડવાન્સમાં સહી એટલા માટે કરૂં છું કે ફરજ પર હાજર થવા ૧૦:૩૦ પહેલા એસ.ટી.બસની સુવિધા નથી અને ૯:૦૦ નો ટાઈમ છે. મોડું થાય તો મેડીકલ ઓફિસર ડો.હિરેન ખરાડી ગેરહાજર મૂકી દે છે અને તેઓ પોતે સમયસર હાજર રહેતા નથી અને ખોટી સહીઓ કરતા હોય છે.
>
> **મહિલા તબીબ, ડો. મોનિકા ભુરીયા......**

## દાહોદ વર્કશોપમાં ૨૦ હજાર કરોડની યોજના બદલ જિલ્લા ભાજપ આભાર દર્શન માટે ઝુંબેશ ચલાવશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં ગત ૨૦ એપ્રિલે પ્રધાનમંત્રી આદિવાસી મહાસંમેલનમાં આવ્યા હતા. તેઓએ દાહોદની રેલવે વર્કશોપ માટે ૨૦૦૦૦ કરોડ રૂની યોજના જાહેર કરી છે. ત્યારે તેનાથી રોજગારીની તકોનું સર્જન થશે. તેવા સમયે જિલ્લા ભાજપ પ્રમુખે રેલવે વર્કશોપની મુલાકાત લઈને તેની વિસ્તૃત માહિતી મેળવી હતી. આટલી મોટા કદની યોજનાની પ્રારંભિક શરૂઆત થતાં તેની મહત્તા સમજાય તેના માટે એક ઝુંબેશ શરૂ કરવાનુ આયોજન પણ કરાયું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે સંઘ પ્રચારક હતા ત્યારે દાહોદ જિલ્લાનો ગ્રામ્ય અને શહેરી વિસ્તાર તેમના માટે કર્મભૂમિ હતો. જિલ્લાના ગામડે ગામડે તેઓએ ભ્રમણ કરેલું છે અને ઘણે ઠેકાણે તેમણે રાતવાસો પણ કરેલો હતો. કેટલાયે લોકોને તેઓ નામ જોગ આળખે છે અને જ્યારે તેઓ મુખ્યમંત્રી તરીકે દાહોદ આવતા ત્યારે યાદ પણ કરતા હોય છે. પ્રધાનમંત્રી બન્યા બાદ પણ તેમની દાહોદ મુલાકાત ટાંણે પણ તેમણે ખુંદેલા વિસ્તારોનો ઉલ્લેખ કર્યો હતો. તેઓ જ્યારે દાહોદના કેઈ પણ મંચ પરથી ઉદ્બોધન કરતા હોય ત્યારે તેમના મુખેથી એક પણ વખત પરેલ વિસરાયુ નથી. જેથી તેઓ ૨૦૧૪ થી પ્રધાનમંત્રી બન્યા ત્યારથી તેમણે દાહોદની પરેલ સ્થિત લોકો વર્કશોપનું વિશેષ ધ્યાન રાખ્યુ છે. તેમના પ્રથમ કાર્યકાળમાં પણ તેમણે રેલવે વર્કશોપના વિસ્તરણ કર્યુ હતું. જેથી આ વર્કશોપ અદ્યતન બની છે. તેવા સમયે ગત ૨૦ એપ્રિલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આદિવાસી મહાસંમેલનમાં આવ્યા હતા. તે વેળાએ તેમણે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની મોટા કદની યોજના દાહોદને ભેટ કરી હતી. જે દાહોદ શહેર જિલ્લા અને સમગ્ર વિસ્તાર માટે મહત્વનું એટલા માટે બની રહે છે કે દાહોદના સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, હવે દાહોદ વડોદરાની હરિફાઈ કરી રહ્યુ છે. ત્યારે તે જ વડોદરા અને તેની આસપાસના તમામ વિસ્તારોને મળીને તેઓએ ૨૧,૦૦૦ કરોડના કામોની ખાતમુહુર્ત અને લોકાર્પણ કર્યા હતા. ત્યારે એક તરણ આટલું મોટું મહાનગર અને તેમને ભુતકાળનો સંસદીય મત વિસ્તારમાં જેટલી રકમ ફાળવી તેટલી જ રકમ એક માત્ર રેલવે વર્કશોપ માટે ફાળવી છે. તે સ્વાભાવિક રીતે જ નોંધનીય છે. તેને કારણે જ તારીખ ૨૨ જૂનના રોજ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર, મહામંત્રી કનૈયાલાલ કિશોરી, નરેન્દ્રભાઈ સોની, પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, સહિત શહેર સંગઠનની ટીમે વર્કશોપની મુલાકાત લીધી હતી. જેમાં સંગઠન પ્રમુખે રેલવે અધિકારીઓ પાસેથી વિસ્તૃત વિગતો મેળવી પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ પહેલાં પણ વિવિધ સંગઠનોએ પત્ર પાઠવી આભાર દર્શન કર્યુ હતું પરંતુ હવે યોજનાની ગાડી પાટે ચઢતા લોકો સમક્ષ તેની વિશેષ માહિતી આપવામાં આવશે અને દાહોદ, રેલવે વર્કશોપ તેમજ રેલવે સંગઠનો દ્વારા એક ઝુંબેશ સ્વરૂપે પ્રધાનમંત્રીનો આભાર દર્શન કરવામાં આવશે.

દાહોદ રેલવે વર્કશોપમાં પ્રધાનમંત્રીએ ૨૦,૦૦૦ કરોડની યોજનાની અત્યંત મોટા કદની યોજનાની ભેટ આપી છે. તેની હવે પ્રાથમિક શરૂઆત થઈ છે. ત્યારે સંગઠનના પ્રમુખ તરીકે નૈતિક ફરજ છે કે જેની માહિતી મેળવી માધ્યમ બની લોકો સુધી પહોંચે તે જ પ્રધાનમંત્રી પ્રત્યેનું સાચું આભાર દર્શન છે. તેના માટે એક ઝુંબેશ પણ આરંભ કરશે.

## દાહોદમાં તબીબોએ સર્જરી કરી મોટા આંતરડાને અન્નનળીમાં તબદીલ કર્યુ : એસિડ પી જતાં અન્નનળ બળી ગઈ હતી



દાહોદ,

દાહોદ શહેરની ઝાયડસ હોસ્પિટલમાં પ્રથમ વખત કોલોનીક બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. ૬ કલાક ચાલેલી આ સર્જરીમાં તબીબોએ મોટા આંતરડાને અન્નનળીમાં તબદીલ કર્યુ હતું. નકામી બનેલી અન્નનળીના સ્થાને આતરડાને કામમાં જોતરવામાં આવ્યુ હતું. પાલનપુરના યુવાન કિશોરાવસ્થામાં એસિડ પી જતાં તેની અન્નનળી બળી જતાં ફેઈલ થઈ ગઈ હતી.

પાલનપુરમાં રહેતાં પ્રભાત નામક યુવક કિશોરાવસ્થામાં એસિડ પી જતાં તેની અન્નનળી બળી જતાં ફેઈલ થઈ ગઈ હતી. કોઈ વસ્તુ ખાઈ–પી નહીં શકતાં પ્રભાતને ફીડીંગ ગેસ્ટોટ્રોમી કરાઈ હતી. જેમાં તે પ્રવાહી ઉપર જ જીવતો હતો. દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં આવતાં ડો. મધુકર આર. વાઘના નિદાન બાદ હાઈરીસ્ક ઓપરેશન અંગે જણાવાયુ હતું. પ્રભાતે હિંમત એકઠી કરીને ઓપરેશન માટે હામી ભરતાં ડો.વાઘ, ડો. કમલેશ ગોહિલ, ડો. રાહુલ પરમાર તેમજ એનેસ્થેટિક ડો.શૈલેષ પટેલ સહિતની ટીમ દ્વારા કોલોનીકલ બાયપાસ નામક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

લગભગ ૬ કલાક સુધી ચાલેલા આ ઓપરેશનમાં મોટા આંતરડાને કાપીને તેને અન્નનળીની જગ્યાએ જોડવામાં આવ્યું હતું. પ્રભાત હાલ તબીબોના ઓબ્ઝર્વેશનમાં છે. તેને પાણી આપતાં સારા પરિણામ મળ્યા હોવાનું ડો.વાઘે જણાવ્યું હતું. ઝાયડસ હોસ્પિટલના સી.ઈ.ઓ પ્રોફેસર ડો. સંજય કુમાર તથા મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.ભરત હઠીલાના માર્ગદર્શનમાં હાઈરિસ્ક ઓપરેશન કરવામાં આવ્યું હતું.

## દાહોદ જિલ્લા રોજગાર કચેરીની તમામ સેવાઓ હવેથી અનુબંધમ પોર્ટલ પર ઉપલબ્ધ થશે

દાહોદ,

દાહોદ જિલ્લા રોજગાર કચેરીની તમામ સેવાઓ હવેથી અનુબંધમ પોર્ટલ પરથી મેળવી શકાશે. આગામી તા. ૦૧ જુલાઈ થી દાહોદની રોજગાર કચેરી ખાતે નોંધાયેલા અને નોંધાયા વગરના તમામ એમ્પ્લોયરની નવી નામ નોંધણી, અપડેશન, ટ્રાન્સફર, વેકન્સી નોટીફીકેશન, ઓનલાઈન અને ઓફલાઈન પ્લેસમેન્ટ એન્ટ્રી તેમજ નામાવલી પાઠવવાની કામગીરી, ઈ.આર ૧ અને ૮૫% સ્થાનિક રોજગારીના રીટર્ન સબમિટ કરવાની કામગીરી માત્ર અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન કરવામાં આવશે.

અનુબંધમ પોર્ટલ ઉપર નોકરીદાતા માટે પણ આવેલ અરજીઓ, રીઝ્યુમની ચકાસણી કરીને સિલેક્ટ, રીજેક્ટ, શોર્ટ લીસ્ટ તેમજ ઈન્ટરવ્યું શીડ્યુલ કરવા, જોબ ફેરમાં જઈને રાજ્યના જીલ્લાઓ યોજાતા જોબ ફેરમાં પાર્ટીસીપેટ કરવાની વ્યવસ્થા છે.

ગુજરાત સરકાર દ્વારા રોજગારવાચ્છુઓની રોજગારીની જરૂરિયાતો અને ઉધોગ કે નોકરીદાતાની માનવબળની જરૂરિયાતોને પહોચી વળવા બંને વચ્ચે સેતુ બનવા માટે અને રોજગાર કચેરીની તમામ સેવાઓ ઓનલાઈન કરવા માટે ગત તા. ૦૮, ઓગસ્ટ ૨૦૨૧ થી અનુબંધમ પોર્ટલનો www.anubandham.gujarat.gov.in શરૂ કરાયું છે.

આ પોર્ટલમાં જોબ સીકર (રોજગારવાંછુંએ) અને એમ્પ્લોયર (જોબ પ્રોવાઈડર) નોકરીદાતાઓએ જાતે અથવા રોજગાર કચેરીમાં જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમાં એમ્પ્લોયર તરીકે સંસ્થાનું નામ, સરનામું, કોન્ટેકટ પર્સનનો મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી., સેક્ટરનો પ્રકાર અને યુનિક આઈ.ડી નંબર (જી.એસ.ટી.નંબર/પાન નંબર/ ફેક્ટરરી લાયસન્સ નંબર કોઈપણ એક) વગેરે માહિતી ઓનલાઈન ભરીને જી.એસ.ટી. નંબર/પાન નંબર/ ફેક્ટરરી લાયસન્સ) અને સંસ્થાનો લોગો અપલોડ કરવાનો હોય છે.

જ્યારે જોબ સીકર (રોજગાર વાંછું) તરીકે જેમાં નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી., લાયકાતોની વિગત, જાતિની વિગત અને આધાર કાર્ડ વગેરે માહિતી ઓનલાઈન ભરીને આધાર કાર્ડ અને ઉમેદવારનો ફોટો અપલોડ કરવાનો હોય છે. એકવાર ડેસ્કટોપ પીસી પર એમ્પ્લોયર (જોબ પ્રાવાઈડર) તરીકે રજીસ્ટ્રેશન થયા બાદ એમ્પ્લોયરે અને જોબ સીકરે પોતાના મોબાઈલમાં અનુબંધમ એપ ડાઉનલોડ કરવાની હોય છે. જેમાં જોબ પોસ્ટ જે માનવબળની જરૂરિયાત હોય તેવી લાયકાત મુજબની વેકન્સી પોસ્ટ કરવાની હોય છે. જોબ રિસ્પોન્સમાં જોબ સીકર અને એમ્પ્લોયર એકબીજાને રીપ્લાય આપી શકે છે. વધુમાં અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in રજીસ્ટ્રેશન બાકી હોય તેવા એમ્પ્લોયરે સંસ્થાનું જી.એસ.ટી.નંબર, પાન નંબર, ફેક્ટરી લાયસન્સ, લોગો, અને કોન્ટેકટ પર્સનની ઈમેલ આઈ.ડી અને મોબાઈલ નંબરની વિગતો તેમજ જોબ સીકરે પોતાનું આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો, ઈમેલ આઈ.ડી.અને મોબાઈલ નંબર વિગતો સાથે દિન –૩ માં રોજગાર ક્ચેરી, દાહોદનો રૂબરૂ અથવા રોજગાર સેતુ હેલ્પ લાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સંપર્ક કરવા દાહોદનાં રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## લીમખેડાના પ્રતાપપુરા ગામે ડાકણના મામલે થયેલ ઝગડાની અદાવતે ૬ ઈસમોએ મારામારી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે અગાઉ થયેલ ડાકણ સંબંધી ઝઘડાની અદાવતે ૬ જણાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી એકના ઘરે આવી લોખંડની પાઈપ, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી એક મહિલા સહિત ત્રણને શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૩૦મી મેના રોજ લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે રહેતાં સંજયભાઈ વિઠ્ઠલભાઈ વણકર, રાજુભાઈ વિઠ્ઠલભાઈ વણકર, અજયભાઈ રમેશભાઈ વણકર, રમેશભાઈ હીરાભાઈ વણકર, ગણપતભાઈ બાબુભાઈ વણકર અને સંજયભાઈ બાબુભાઈ વણકર દ્વારા અગાઉ થયેલ ડાકણ સંબંધી ઝઘડાની અદાવત રાખી પોતાના ગામમાં રહેતાં કનુભાઈ ડાહ્યાભાઈ વણકરના ઘરે આવી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લોખંડની પાઈપ, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી કનુભાઈને, અમરીબેન ડાહ્યાભાઈ વણકર અને ડાહ્યાભાઈ ભાણાભાઈ વણકરને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કનુભાઈ ડાહ્યાભાઈ વણકરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ મામલતદાર કચેરી બહારની બાઈકની ચોરી કરી જતાં બાઈક ચોરો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં આવેલ મામલતદાર કચેરીની બહારથી અજાણ્યા ચોર ઈસમોએ એક મોટરસાઈકલની ઉઠાંતરી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૮મી જુનના રોજ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ચાકીસણા ગામે આંગણવાડી ફળિયામાં રહેતાં અનિલભાઈ ભરતભાઈ ડોડીયાર ઝાલોદ નગરમાં આવેલ મામલતદાર કચેરી ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને તેઓએ પોતાની મોટરસાઈકલ મામલતદાર કચેરીની બહાર સાંજના ચારેક વાગ્યાના આસપાસ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે અનિલભાઈ ભરતભાઈ ડોડીયાર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લાના છૂટક ફળ શાકભાજી વેચાણકારો જોગ

દાહોદ,

દાહોદ જીલ્લામાં ફળ, શાકભાજીનું નાના વેચાણકારો–લારીવાળાને યોગ્ય છાયડાની વ્યવસ્થા ઉભી કરવા માટે તથા શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી, શેડકવર પૂરા પાડવા બાબતે કાર્યક્રમ મંજૂર થયો છે. જે અન્વયે ફળ–શાકભાજી–ફૂલપાકો તથા નાશવંત કૃષિ પેદાશોનું રોડ સાઈડ વેચાણ કરતાં, હાટ બજારમાં વેચાણ કરતાં કે લારીવાળા ફેરીયાઓ આઈ ખેડૂત પોર્ટલમાં અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે આઈ–ખેડુત પોર્ટલ ઉપર આગામી તા.૧૬ જુલાઈ સુધીમાં અરજી કરી શકશે.

આથી દાહોદ જીલ્લાના લાભાર્થીઓએ ઉક્ત સમયગાળા દરમ્યાન આઈ–ખેડુત પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) પર ઓનલાઈન અરજી કરવી. અરજી કર્યા બાદ, (ગ્રામ્ય વિસ્તાર) માટે અરજીની પ્રીન્ટ સાથે આધાર કાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ અને જે તે સેજાના ગ્રામ સેવક, તલાટીનો ફળ શાકભાજી, ફૂલ કે નાશવંત કૃષિ પેદાશોનું છુટક વેચાણ કરતા હોવા અંગેનો દાખલો તેમજ (શહેરી વિસ્તાર) માટે ગુજરાત અર્બન લાઈવલી હુડ મિશન દ્વારા ઈસ્યુ કરેલ ફળ શાકભાજી, ફૂલ કે નાશવંત કૃષિ પેદાશોનું છુટક વેચાણ કરતા હોવા અંગેનું ઓળખપત્ર, દાખલો જેવા સાધનિક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩, જિલ્લા સેવા સદન, દાહોદ (ટેલીફોન નંબરઃ ૦૨૬૭૩–૨૩૯૨૫૧) ખાતે સત્વરે રૂબરૂ કે ટપાલ દ્વારા કચેરી સમય દરમ્યાન તથા કચેરીના કામકાજના ૭ દિવસોમાં મોકલી આપવા નાયબ બાગાયત નિયામક એ જણાવ્યું છે.

## ગોધરા તાલુકાની નાની કાંટડીના જમીન વેચાણના દસ્તાવેજની નોંધ રદ્દ કરવા કલેકટરને આવેદન

ગોધરા,

ગોધરા તાલુકાની નાની કાંટડી ખાતે સર્વે નં.૪૨/૩ પૈકી ૧ અને સાથેની અન્ય જમીનોને છેલ્લા ૧૦ વર્ષથી સ્થાનિક ખેડુતો દ્વારા ખેડવામાં આવતી હતી. અને તે જમીનોમાં કોઈ માલિક ન હતા. અને કેટલાક ઈસમો દ્વારા અવાર નવાર ખોટી વારસાઈ કરી જમીન પોતાના નામે કરવાના પ્રયત્નો થયેલ હતા. જે જમીનોની નોંધ પણ અધિકારી દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. આ જમીનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ન કરવા જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. તેની નોંધ નંબર ૩૦૦પથી પ્રમાણિત કરવામાં આવેલ છે. આ જમીન હકકમાં નોંધ નં.૩૧૫૪ તા.૧૧/૧૦/૨૦૨૧ અને નોંધ નં.૩૧૬૩ તા.૧૬/૧૧/૨૦૨૧ પણ તપાસણી અધિકારી દ્વારા નામંજુર કરવામાં આવેલ હતી. અને ત્યારબાદ તેમાં વિવાદિત અપીલ થયેલ હતી. જેમાં હુકમો થયેલ છે. જે હુકમો નાણાંકિય લેવડ દેવડ દ્વારા કરવામાં આવ્યા હોવાના આક્ષેપ રજુઆતમાં ખેડુતોએ કર્યા હતા. જમીનમાં કોઈપણ ફેરફાર ન કરવા અને સરકારના નેશનલ હાઈવે નં.૧૪૮ હેઠળ સંપાદન થયેલ જમીનમાં તેનો સમાવેશ થયેલ છે. જેથી તેનુ વેચાણ હાલના સંજોગોમાં માન્ય રાખી શકાય તેમ નથી. તાજેતરમાં વર્ષોથી ખેતી કરતા ખેડુતોના હકકને ડુબાડી કેટલાક ઈસમો દ્વારા આ જમીન બારોબાર વેચાણ કરવાનુ કૃત્ય કરેલ છે. તેવો આક્ષેપ કરવામાં આવેલ છે. અને એક જ વ્યકિત દ્વારા તેની ખરીદીનો દસ્તાવેજ કરવામાં આવે છે. જે આ જમીન વેચાણ દસ્તાવેજમાં મોટી ગેરરિતી થયેલ હોય તેવુ પ્રાથમિક દ્રષ્ટિએ દર્શાવે છે. અને આ વિવાદીત જમીન બારોબાર પચાવી પાડવા માટે તેના વેચાણ દસ્તાવેજની પ્રક્રિયાઓ થયેલ છે. જેથી સર્વે નંબરની વિગતે તપાસ કરી વેચાણ દસ્તાવેજ નોંધ રદ્દ કરી સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જમીનરક્ષિત કરવા અને વર્ષોથી ખેડતા ખેડુતોને જમીન હકક નિયમોનુસાર મળે તે માટેના હુકમો થવા કરવામાં આવે તેવી લેખિત રજુઆત જિલ્લા પંચાયતના પ્રમુખ, ગોધરા એપીએમસીના પ્રમુખ સહિત ખેડુતોએ કલેકટરને કરી હતી.

## રાજ્યના ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં દાહોદ ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાશે

દાહોદ,

રાજ્યના ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી અર્જુનસિંહ ચૌહાણની અદયક્ષતામાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે જિલ્લા કક્ષાનો કેશ ક્રેડિટ કેમ્પ આવતી કાલે તા. ૨૩ જુનના રોજ બપોરે ૩ વાગેથી યોજાશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આયોજીત આ કાર્યક્રમમાં ગ્રામીણ બહેનો આર્થિક સ્વનિર્ભરતા હાંસલ કરે તે માટે સરકારી યોજનાકીય લાભો અપાશે.

## ગોધરા તાલુકા રીંછરોટાની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના રીંછરોટા ગામે રહેતી સગીર વયની યુવતિને કુટુંબી થતો યુવક સમજાવી પટાવીને યૌન શોષણ કરવા ભગાડી ગયેલ હોય સામાજીક રીતે પરત મેળવવાના અનેક પ્રયત્નો કરવા છતાં નહી મળી આવતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના રીંછરોટા ગામે રહેતી સગીરાને પટાવી ફોસલાવી યૌન શોષણ કરવા તેમજ લગ્ન કરવાના ઈરાદે આરોપી વિજય પ્રવિણભાઈ નાયક ૧૭ જુનના રોજ ભગાડી ગયેલ હોય સગીરાને ભગાડી જનાર યુવક કુટુબી થતો હોય જેને લઈ સામાજીક રીતે પરત મેળવવા શોધખોળ કરવામાં આવી હોય તેમ છતાં નહી મળી આવતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઢઢેલામાં દર્શનાર્થીઓની સ્કોર્પિયોને અકસ્માત નડતા એક વ્યકિતનું મોત

લીમખેડા,

વડોદરા જિલ્લાના ચાણોદ મુકામે રહેતા મેહુલ રણછોડભાઈ માછી, અજય પ્રવિણભાઈ માછી, જયદિપ પ્રવિણભાઈ માછી, વડોદરાના આદર્શ દિનેશભાઈ માછી, પ્રકાશ સંજયભાઈ માછી, જયેશ બાલુભાઈ માછી, સાગર પ્રકાશભાઈ પ્રજાપતિ વગેરે મહાકાલેશ્વર ઓમકારેશ્વર દર્શન કરી જીજે–૦૬–ડી.જી.–૦૬૩૮ નંબરની સ્કોર્પિયોમાં અજય માછી પુરઝડપે હંકારી જતા હતા તે સમયે લીમખેડા–દાહોદ હાઈવે ઉપરના ઢઢેલામાં સ્કોર્પિયોના આગળનુ ડાબી બાજુની ટાયર ફાટી જતા સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં જયદિપભાઈ માછી તથા સાગરભાઈ પ્રજાપતિ ગાડીમાંથી બહાર ફેંકાઈ રસ્તા ઉપર પટકાયા હતા. જ્યારે મેહુલભાઈ, પ્રકાશભાઈ, આદર્શભાઈ, જયેશ, અજયભાઈ વગેરે ગાડીમાં દબાયા હતા. અકસ્માતમાં જયદિપભાઈ માછીને થતાં તેઓનુ સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતુ. જ્યારે અન્ય પાંચ દર્શનાર્થીઓને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. બનાવ સંદર્ભે મેહુલભાઈ માછીએ લીમખેડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.255

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૫૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૬-૨૦૨૨ ગરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પાવાગઢ યાત્રાધામ સુવિધા સંપન્ન બનતા યાત્રાળુઓનો ઘસારો : ધંધા રોજગાર પણ વધ્યા

પાવાગઢ,

૫૧ શક્તિપીઠો માંથી એક સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે થોડા દિવસો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ધ્વજારોહણનું ઐતિહાસિક કાર્ય પૂર્ણ થયું છે. આ ઐતિહાસિક ક્ષણે જ્યારે પાવાગઢ વિશ્વ ફલક પર મુકાયું છે. ત્યારે અહીં આવતા યાત્રાળુઓ અને દર્શનાર્થીઓની સંખ્યામાં ભારે વધારો નોંધાતા અહીંના ધંધા રોજગાર ફુલ્યા ફાલ્યા છે. તો સામે સુવિધા સંપન્ન બનેલા પાવાગઢ થી યાત્રાળુઓ પણ ખુશખુશાલ બની ભારે શ્રદ્ધા સાથે માં મહાકાળીનો જય ઘોષ કરી ખૂબ જ સરળતા થી દર્શન કરી રહ્યા છે.

વર્ષો પહેલાનું પાવાગઢ અને આજના યાત્રાધામ પાવાગઢમાં ખૂબ જ મોટો તફાવત જોવા મળી રહ્યો છે. અગાઉ અહીં આવતા યાત્રાળુઓ અને દર્શનાર્થીઓ માટે પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નહોતી બનાવી શકાઇ પરિણામે અહીં દર્શનાર્થીઓની સંખ્યા ખુજ ઓછી રહેતી હતી. મોટેભાગે નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં જ પાવાગઢ ખાતે યાત્રાળુઓ જોવા મળતા હતા. અત્યારે પાવાગઢની કાયાપલટ થતા હવે ચાત્રિકો માટે પાવાગઢ દર્શન એ એક અમૂલ્ય લ્હાવો બની ગયો છે. પહેલા પાવાગઢમાં વિકલાંગ અને ઉંમર લાયક વ્યકિત સહિત ઊંચાઈ પર ચઢવામાં અક્ષમ એવા દર્શનાર્થીઓ માટે પાવાગઢ નિજ મંદિર દર્શન એ એક દિવાસ્વપ્ન સમાન હતું. કારણ કે, ૨૨૦૦ કરતા વધુ પગથિયાં



ચડીને મહાકાળી મંદિર સુધી પહોંચવું એ અતિ મુશ્કેલ અને દોજખ સમાન હતું. પહેલા પગથિયાં ટૂંકા અને આડાઅવળા તેમજ સામાન્ય રીતે ચાલીને ચડી શકાય તેવા નહોતા, રોપ વે ની સુવિધાઓ ખૂબ જ મર્યાદિત અને મોંઘી હતી. જ્યારે હવે પગથિયાં તો સુંદર થયા જ છે, પરંતુ તેની સાથે સાથે હવે રોપ વે પણ અત્યાધુનિક સુવિધાઓ થી સજ્જઅને વધુ સુરક્ષિત બન્યો છે. ટૂંક સમયમાં સીધા નિજ મંદિર પહોંચી શકાય તેવી લિફ્ટ પણ તૈયાર થશે. પાણી માટે પણ ઠેર ઠેર વ્યવસ્થાઓ તેમજ અન્ય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. જેને લઈ હવે ચાત્રિકોનો પાવાગઢ પ્રવાસ ખૂબ જ આરામદાયક અને સુવિધાઓ થી ભરેલો રહે છે. તેથી દર્શનાર્થીઓ અને પ્રવાસીઓ યાત્રાનો સંપૂર્ણ આનંદ માણી શકે છે.

પહેલાની સરખામણી એ હવે પાવાગઢમાં પ્રવાસીઓ અને દર્શનાર્થીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. પહેલા અહીં નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં જ યાત્રાળુઓ નો ઘસારો જોવા મળતો હતો. જ્યારે સામાન્ય દિવસો જૂજ અથવા નહિવત યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હતા. જેથી સ્થાનિક ધંધા રોજગારમાં પણ સામાન્ય દિવસોમાં મંદી રહેતી અથવા સામાન્ય દિવસોમાં ધંધા રોજગાર બંધ રાખવા પડતા હતા. તેવી સ્થિતિનો સામનો કરવો પડતો હતો પરંતુ હવે એ દિવસો બદલાયા છે. હવે પાવાગઢ ગામ હોય કે ડુંગર બંને બજારોના વેપારીઓ ખુશખુશાલ જોવા મળે છે. કારણ કે, રૂપિયા ૧૩૭ કરોડના ખર્ચે યાત્રાધામ પાવાગઢનું જે નવીનીકરણ થયું છે. તેને લઈ હવે દરરોજ હજારો યાત્રાળુઓ પાવાગઢની મુલાકાત લઈ રહ્યા છે. જેથી સ્થાનિક ધંધા રોજગાર જે સામાન્ય દીવસોમાં બંધ રહેતા હતા. તેમાં હવે તેજીનો પવન ફૂંકાયો છે. જ્યાં પહેલા દિવસો સુધી બોની કરવા રાહ જોવી પડતી હતી. તેના સ્થાને હવે દુકાનો પર લાઈનો લાગી રહી છે. તમામ વેપારીઓ પછી તે ચૂંદડી પ્રસાદ, આર્ટિકલના હોય કે પછી ઠંડા પીણા-હોટેલ રેસ્ટોરન્ટ અને રમકડાં વેંચતા તમામ વેપારીઓની આવક બમણી થઈ હોવાની તેઓ પોતે કબૂલે છે. ખાસ તો ચાત્રાળુઓને પાવાગઢ બસ સ્ટેન્ડ થી માંચી સુધી લાવતા ટ્રેક્સ વાન ચાલકો માટે હવે બારે માસ દિવાળી જેવો માહોલ રહે છે. કારણ કે, પહેલા યાત્રાળુઓ ઓછા કે નહિવત આવતા અને માચી સુધીના રસ્તા ખૂબ જ ખરાબ હતા. પાવાગઢમાં ૨૦૦ થી વધુ ટ્રેક્સ વાન છે. જેઓ નંબર પ્રમાણે ફેરી ભરતા હતા. ત્યારે બે ચાર દિવસે એકાદ ટ્રીપ થતી હતી પણ હવે રસ્તા નવા બન્યા અને પાવાગઢની કાયાપલટ થતા યાત્રાળુઓનો અવિરત ઘસારો રહેતા ટ્રેકસ વાન ચાલકો દિવસની બે થી ત્રણ ટ્રીપો મારે છે. આમ, તેઓની આવક પણ બમણી થઈ હોવાનું જણાવી રહ્યા છે.

પવિત્ર યાત્રાધામ પાવાગઢ ખાતે હાલની દ્રષ્ટિએ વિકાસની હારમાળા વધી રહી છે. ત્યારે હજી પણ પાવાગઢ ઉપર રોપ વે, બ્યુટીફીકેશન તેમજ યજ્ઞશાળા, ભોજનશાળા, રાત્રી માટે ભક્તિ નિવાસ, અદ્યતન વિશ્રામ ગૃહ, મલ્ટી લેવલ પાર્કિંગ, દુધિયા અને છાસિયા તળાવને જોતો પ્રદક્ષિણાપથ આગામી સમયમાં વિકાસના કામો નિહાળવામાં તૈયાર કરવામાં આવશે. જેને લઈને સ્થાનિકો અને લોકોમાં આનંદની લાગણી છવાઈ છે. તેમ જ રાજ્યભરમાંથી આવતાં ચાત્રિકો માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

## શહેરા કોંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી સામે ED ની તપાસમાં ન્યાય પૂર્વક વર્તન થાય તેવી માંગ સાથે આવેદન

શહેરા,

શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિએ કોંગ્રેસના એ.આઇ.સી.સી.ના ઇન્ચાર્જ ગૌતમલાલ પંડચાની નેતૃત્વ હેઠળ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. તાલુકા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી સામે ચાલી રહેલ ઈ.ડી. વિભાગની તપાસમાં ન્યાયપૂર્ણ વર્તે તેવી માંગ કરાઈ છે. શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે કોંગ્રેસ અગ્રણી સહિત કાર્યકર્તાઓ એકત્રિત થઈને મામલતદાર કચેરી ખાતે પહોંચ્યા હતા. કોંગ્રેસ ના જિલ્લા ઉપપ્રમુખ તખત સિંહ સોલંકી, પર્વતસિંહ ચૌહાણ, જશવંતસિંહ સોલંકી, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આરત સિંહ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પટેલ, રંગીતસિંહ પગી અને દુષ્યંતસિંહ ચૌહાણ સહિત કાર્યકરોએ મામલતદાર પૂર્વેશ ડામોરને આવેદનપત્ર આપ્યું હતું. તાલુકા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં ભાજપ સરકારના ઈશારે ઈ.ડી. વિભાગ દ્વારા રાજકીય દ્વેષભાવ કિન્નાખોરી રાખી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીને પાયાવિહોણાને ખોટી રીતે ઊભા કરેલા નેશનલ હેરાલ્ડ આ કેસમાં સમન્સ પાઠવી અવારનવાર અનેક વખત કોઈ પણ હકીકત કે પુરાવાના જરૂરી તથ્યો વગર હેરાન પરેશાન કરવાના આશય સાથે જે દૂર ઉપયોગ થઈ રહેલ છે. લોકશાહી તંત્રમાં વિરોધ પક્ષનો અવાજ અને લોક લાગણીને દબાવી દેવા બિનજરૂરી બળનો ઉપયોગ કરી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના મુખ્ય મથક દિલ્હી ખાતે પ્રવેશ કરી અનધિકૃત પ્રવેશ કરીને નીતિ નિયમોનું છડેચોક ભંગ કરી દૂર વ્યવહાર કરવામાં આવેલ છે. આ ગંભીર મુદ્દે જવાબદાર તંત્ર ન્યાયપૂર્ણ વર્તે તેવી માંગ સાથે રજૂઆત કરાઈ હતી. તાલુકા કોંગ્રેસ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીના સમર્થનમાં આપવામાં આવેલા આવેદનપત્રમાં ૨૦ થી ૩૦ જેટલા જ કોંગ્રેસ અગ્રણી અને કાર્યકર્તાઓ આવતા કોંગ્રેસમાં અંદરો અંદર ડખા ચાલી રહ્યા હોય તેવી ચર્ચાનો મુદ્દો રાજકીય ક્ષેત્રે બની જવા પામ્યો છે.

### ગોધરાના બે ઈસમોએ મલેકપુર પેટ્રોલ પંપના માલિક પાસેથી

## સેલ ટેકસના રોકડા લીધેલ ૩૯.૫૩ લાખની ખોટા ચલણો અને સહી-સિકકા થી સાચા તરીકે ઉપયોગ કરતાં વિશ્વાસઘાતની ફરિયાદ

ગોધરા,

લુણાવાડા તાલુકાના મલેકપુર ગામે શ્રી શિવશકિત કિસાન સેવા કેન્દ્ર નામના ઇન્ડીયન ઓઈલ કોર્પોરેશન કંપનીના પેટ્રોલ પંપના વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૯ સુધીના વેટના નાણાં ગોધરા શહેરના બે ઈસમોને રૂપીયા ૩૯,૫૩,૨૮૫/-લઈ સેલ ટેકસમાં જમા નહી કરાવી ખોટા ચલણો બનાવી ખોટા સહી-સિકકા કરી ખોટા ચલણો સાચા તરીકે ઉપયોગ કરી ફરિયાદી તેમજ સેલ ટેકસ વિભાગ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતે પ્રમાણે ગોધરા શહેરમાં રહેતા ઉમેશકુમાર વિનોદકુમાર સુથાર (રહે.સમ્રાટ નગર, બામરોલી રોડ), મહેન્દ્રભાઈ બાલુભાઈ સોની (સબલ) (રહે.શકિતપાર્ક સોસાયટી, ભુરાવાવ) એ લુણાવાડા તાલુકાના મલેકપુરના દેવેન્દ્રકુમાર શિવાભાઈ પટેલના મલેકપુર ગામે આવેલ શ્રી શિવશકિત કિસાન સેવા કેન્દ્રના નામની ઈન્ડીયન બોઈલ કોર્પોરેશનના પેટ્રોલ પંપના વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૯ સુધીના વેટના નિકળતા નાણા આ બન્ને આરોપીઓને સેલ ટેકસના નાણાં કુલ રૂપીયા ૩૯,૫૩,૨૮૫/-નાણા જમા કરાવવા માટે રોકડમાં આપેલ હતા. તે નાણાં સેલ ટેકસમાં જમા નહી કરાવીને આરોપીઓએ ખોટા ચલણો બનાવી ખોટા સહી-સિકકા કરી તેના સાચા તરીકે ઉપયોગ સેલ ટેકસમાં જમા કરાવીને ફરિયાદીને અંધારામાં રાખી સાથે તેમજ સરકારશ્રીના સેલ ટેકસ વિભાગ સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે દેવેન્દ્રકુમાર પટેલએ બન્ને ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી.

